# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે જૂનાગઢ નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફિકેશન પ્રોજેક્ટનું લોકાર્પણ

## શહેરીજનોને નવીનીકરણ થયેલા સરોવરમાં હરવા ફરવાની સુવિધા મળશેઃ મુખ્યમંત્રીશ્રી





યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારની શહેરીકરણ સુવિધા અંતર્ગત મહાનગરપાલિકા જુનાગઢ દ્વારા બ્યુટીફિકેશન નવીનીકરણ કરાયેલા નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશન પ્રોજેક્ટનું લોકાર્પણ કરી રમણીય સરોવરનું નિરીક્ષણ કર્યું હતું. વર્ષો પછી જુનાગઢને એક નવું નજરાણું મળ્યું છે.

આ સરોવર જળસંગ્રહની સાથે તેની સૌંદર્યતાને લીધે એક આગવી ઓળખ ધરાવે છે. જેને રાજ્ય સરકારની યોજના અંતર્ગત નવા રંગરૂપ આપવામાં આવ્યા છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ૨૧૫ કરોડથી વધુના પ્રોજેક્ટનું લોકાર્પણ ખાતમુહૂર્તના મુખ્ય કાર્યક્રમ પૂર્વે જુનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવર ની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી શ્રી એ સૌ પ્રથમ શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ આપી દેશના શહીદો-વીરોને પુષ્પાંજલિ આપી હતી. ત્યારબાદ મુખ્યમંત્રી શ્રી એ ભક્ત કવિ નરસિંહ મહેતાની પ્રતિમાને પુષ્પાંજલિ કરી વંદન કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૯૮ કરોડના ખર્ચે નવનિર્મિત નરસિંહ મહેતા બ્યુટી ફીકેશન ના મહત્વના કાર્યનું લોકાર્પણ કરી તકતીનું અનાવરણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ નરસિંહ મહેતા સરોવર બનાવાયેલા રીંગરોડ પર જઈ વિવિધ સુવિધા નું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી એ અહીં અંદાજે રૂપિયા ૨૬ કરોડના ખર્ચે રાજ્ય સરકારની યોજના અંતર્ગત જુનાગઢ મહાનગરપાલિકાના ૯ આધુનિક ફાયર વાહનોનું પણ લોકાર્પણ કરી ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર શ્રી તેજસ પરમારે આ પ્રોજેક્ટસની મુખ્યમંત્રી શ્રીને માહિતી આપી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લાના સહ પ્રભારી મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા, ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયા,મેયર શ્રી ધર્મેશભાઈ પોશિયા, ડેપ્યુટી મેયર આકાશ કટારા, જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા,શહેર ભાજપ પ્રમુખ ગૌરવભાઈ રૂપારેલીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પલ્લવીબેન ઠાકર, પુનિતભાઈ શર્મા તેમજ મહાનગરપાલિકાના પદાધિકારીઓ ,સંગઠનના પદાધિકારીઓ કોર્પોરેટરશ્રીઓ તેમજ કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, ડીડીઓ શ્રી એચ.પી. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટની હરિવંદના કોલેજના ખેલાડીઓની નેશનલ લેવલે પસંદગી




રાજકોટ,

રાજકોટની હરિવંદના કોલેજના રમતવીરોએ રમતગમત ક્ષેત્રે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. કોલેજમાંથી કુલ ૩૩ ખેલાડીઓ વિવિધ રમતોમાં યુનિવર્સિટી લેવલથી નેશનલ લેવલની સ્પર્ધાઓ માટે પસંદગી પામ્યા છે, જે કોલેજ માટે ગર્વની બાબત બની છે. પસંદગી પામેલા ખેલાડીઓમાં ચેસ (૨), ક્રોસ ક્ન્ટ્રી (૧), નેટબોલ (૧), પિસ્ટલ શૂટિંગ (૧), વોલીબોલ (૪), ફૂટબોલ (૨), સોફ્ટબોલ (૮), બેસબોલ (૬), હોકી (૧), એથ્લેટિક્સ (૧), કરાટે (૧), હેન્ડબોલ (૩), ક્રિકેટ (૧) તથા બાસ્કેટબોલ (૧) રમતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, કોલેજના ૩ ખેલાડીઓએ નેશનલ લેવલ પર મેડલ પ્રાપ્ત કરી કોલેજનું નામ રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કર્યું છે. આ સિદ્ધિ કોલેજમાં આપવામાં આવતી ગુણવત્તાપૂર્ણ રમતગમત તાલીમ અને ખેલાડીઓની અવિરત મહેનતનું પ્રતિબિંબ છે.

આ સિદ્ધિને વધાવવા કોલેજ ખાતે પસંદગી પામેલા ખેલાડીઓ માટે વિશેષ સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભમાં કોલેજના ટ્રસ્ટી ડો. મહેશભાઈ ચૌહાણ, પ્રિન્સિપાલ તથા સ્ટાફ દ્વારા ખેલાડીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને આવનારી નેશનલ લેવલ સ્પર્ધાઓ માટે ઉત્સાહિત કરવામાં આવ્યા હતા.

### રાજ્ય કક્ષા મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા અને શ્રી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં

# મોરબીના સરવડ અને જામનગરના જોડિયા ખાતે સાયકલ રેલી યોજાશે




મોરબી


રાજયકક્ષા મંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા અને શ્રી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં તથા રાજકોટ એવિયેશન સિક્યુરિટી ગ્રુપના ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અમનદીપ સિરસવાના માર્ગદર્શન હેઠળ મોરબીના સરવડ ખાતે તા.૩૦/૦૧/૨૦૨૬ના રોજ અને જામનગરના જોડિયા ખાતે તા.૩૧/૦૧/૨૦૨૬ના રોજ સાયકલ રેલીનું આયોજન થશે.

આ સાયકલ રેલીનું આયોજન મોરબીના સરવડ સ્થિત પટેલ સમાજ વાડી સાંજે ૦૬.૦૦ કલાકે તથા જામનગરના જોડિયા સ્થિત પટેલ સમાજ વાડી ખાતે બપોરે ૧૨ કરવામાં આવશે. જેમાં સી.આઈ.એસ.એફ.ના સાયકલ વીરોનું સન્માન, સી.આઈ.એસ.એફ.ની ક્વિક રિસ્પોન્સ ટીમ દ્વારા ડેમો, યોગ પ્રદર્શન, સાંસ્કૃતિક કૃતિઓ સહિત સાયકલ વીરોને ફ્લેગ ઓફની કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સાયકલ વીરોનો ઉત્સાહ વધારવા ડેપ્યુટી કમાન્ડન્ટ શ્રી અમનદીપ સિરસવાએ નાગરિકોને અનુરોધ કર્યો છે.

# રાજકોટના મવડી કણકોટ રોડ પરથી ૪૩ વર્ષીય પરિણીતા લાપતા, પોલીસ દ્વારા શોધખોળ શરૂ

રાજકોટઃ

રાજકોટ શહેરના મવડી કણકોટ રોડ વિસ્તારમાંથી એક ૪૩ વર્ષીય મહિલા રહસ્યમય રીતે ગુમ થયાની ઘટના સામે આવી છે, જે અંગે રાજકોટ તાલુકા પોલીસ મથકે જાણ કરવામાં આવી છે.પોલીસ દ્વારા જાહેર કરાયેલી વિગતો અનુસાર, રાજકોટના મવડી કણકોટ રોડ પર આવેલા 'ટ્રાઇડન્ટ હાઈટ્સ' (ફ્લેટ નં. ૬૦૨) માં રહેતા રમિલાબેન અરવિંદભાઈ રામાણી (ઉંમર ૪૩ વર્ષ) ગત તારીખ ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી એકલા નીકળી ગયા હતા અને ત્યારબાદ પરત ફર્યા નથી.



ગુમ થનાર રમિલાબેન મધ્યમ બાંધો ધરાવે છે. તેમણે સફેદ કલરની કુર્તી અને બ્લેક કલરની લેગીસ પહેરેલી છે. આ બનાવ અંગે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ (નં. ૦૬/૨૦૨૬) કરવામાં આવી છે.

પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે જો ઉપરોક્ત વર્ણન ધરાવતી મહિલા વિશે કોઈ પણ માહિતી મળે તો તાત્કાલિક રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. સંપર્કઃ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનઃ ૦૨૮૧-૨૫૬૩૩૪૦, મોબાઈલ નંબરોઃ ૬૩૫૯૬૨૭૪૧૫ તથા ૯૮૯૮૪૦૫૧૬૦, તપાસ અધિકારીઃ જે.વાય. ગોહિલ (એ.એસ.આઈ.), રાજકોટ તાલુકા પો.સ્ટે.

# શનિવારે રાજકોટમાં શ્રી વિશ્વકર્મા દાદાના પ્રાગટય દિવસ નિમિતે ભવ્ય ઉત્સવ



રાજકોટ,

સમસ્ત લુહાર-સુથાર, પંચાલ સમાજની વિશ્વકર્મા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૩૧ને શનિવારના રોજ વિશ્વકર્મા જન્મ જયંતિ નિમિતે વિશ્વકર્મા યાત્રાધામ (સણોસરા) પુજય દાદાના નવનિર્મિત મંદિરના પટાંગણમાં ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવશે.

જેમાં વિશ્વકર્મા દાદાની શાસ્ત્રોકત વિધીથી પુજન-અર્ચન-આરતી થશે. પ્રસાદનું વિતરણ કરવામાં આવશે તેમજ બહારગામથી પધારેલ સંતો, અતિથીઓ દ્વારા દીપ પ્રાગટય તથા ધ્વજારોપણ કરાશે.

બહારગામથી પધારેલા સંતો મહંતો, અતિથિઓનું સન્માન કરવામાં આવશે. આ સાથે ભજન કીર્તન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. વિશ્વકર્મા જન્મજયંતિ નિમિતે આયોજીત કાર્યક્રમો સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે તેમજ મહાપ્રસાદ ૧૨.૩૦ કલાકે યોજાશે.

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. પ્રજાસત્તાક પર્વ અવસરે ધ્વજ વંદન અને ભારત માતા પૂજન યોજાયું

### રાજકોટ ખાતે હેડ ઓફિસમાં અતિથિ વિશેષ તરીકે ડો. શ્રી સંજીવભાઈ ઓઝા (વિભાગ સંચાલકજી રાજકોટ-રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી રમેશભાઈ ખીચડીઆ (એમ.ડી. કૅપ્ટન પોલીપ્લાસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા

રાજકોટ,

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ને ૭૭માં પ્રજાસત્તાક પર્વ અવસરે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની રાજકોટ અને બહારગામની તમામ શાખાઓમાં ધ્વજ વંદન અને ભારત માતા પૂજન યોજાયું હતું. રાજકોટ ખાતે હેડ ઓફિસે યોજાયેલ ધ્વજ વંદનમાં અતિથિ વિશેષ તરીકે ડો. સંજીવભાઈ ઓઝા (વિભાગ સંચાલકજી રાજકોટ -રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી રમેશભાઈ ખીચડીઆ (એમ.ડી. કૅપ્ટન પોલીપ્લાસ્ટ) ઉપસ્થિત રહ્યા હતા. બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઈ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઈ પટેલ (વાઈસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી માધવભાઈ દવે, શ્રી અશોકભાઈ




ગાંધી, શ્રી નવીનભાઈ પટેલ, શ્રી હસમુખભાઈ ચાંદરાણા, શ્રી વિક્રમસિંહ પરમાર, શ્રી ભૌમિકભાઈ શાહ, શ્રી એન. જે. મેઘાણી, શ્રી કીર્તિદાબેન જાદવ, શ્રી જ્યોતિબેન ભટ્ટ, શ્રી વિનોદ શર્મા (સીઈઓ-જનરલ મેનેજર), બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો શ્રી દીપકભાઈ મકવાણા, શ્રી વિજયભાઈ કોઠારી, શ્રી વિનોદભાઈ લાઠીયા, શાખા વિકાસ સમિતિના સદસ્યો, ડેલિગેટ, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રીય પર્વને મનથી વધાવતા કર્મચારીઓ શ્રી નિકુંજભાઈ નિમવત, શ્રી મોનાબેન ભાલોડિયા, શ્રી મેઘાબેન રેવર અને શ્રી હિરવાબેન પટોળિયાએ મનમોહક રંગોળી બનાવી હતી. આ અવસરે મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આભારદર્શન શ્રી ભૌમિકભાઈ શાહે તેમજ સરળ-સફળ સંચાલન શ્રી યોગેશભાઈ દવેએ કર્યું હતું.

# મેરા યુવા ભારત (ભારત સરકાર) દ્વારા 'મારો મતદાન અધિકાર' વિષયક રેલી અને કલા રજૂઆત યોજાઈ

રાજકોટ

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત કાર્યરત મેરા યુવા ભારત યોજના હેઠળ વી.વી.કે.એમ. સાયન્સ સ્કૂલ ખાતે 'મારો મતદાન અધિકાર' વિષયક જાગૃતિ કાર્યક્રમનું આયોજન મેરા યુવા ભારત (ભારત સરકાર) ના જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ દેશભાતર, માય ભારતના રાજુભાઈ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ મતદાન જાગૃતિ રેલી તેમજ વિધાર્થીઓ દ્વારા કૃતિ યોજાઈ હતી. ૧૮ પ્લસ મતદાન અધિકાર અને "માય વોટ – મારો મત અધિકાર" વિષય પર અસરકારક કલા રજૂઆત કરવામાં આવી હતી.

કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા




મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવાનો તથા લોકશાહીમાં મતના મહત્વને સમજાવવાનો હતો. વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક રજૂઆત અને ઉત્સાહભર્યા સંદેશાઓ દ્વારા મતદાનના અધિકારનું મહત્વ સ્પષ્ટ રીતે રજૂ કર્યું હતું, જેને ઉપસ્થિતોએ ખૂબ સરાહના કરી હતી..આ કાર્યક્રમમાં સ્કૂલના પ્રિન્સિપાલ નિરાલી મેડમ, નિશા મેડમ, તેમજ દેવ સોલંકી અને યશ રાઠોડ દ્વારા કાર્યક્રમનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે મેરા યુવા ભારતના સ્વરૂપ દેશ ભરથાર માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સાથે જ મેરા યુવા ભારતના રાજુભાઈ રાઠોડ તથા સ્કૂલના ટ્રસ્ટીઓનો નોંધપાત્ર સહયોગ પ્રાપ્ત થયો હતો.આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો દ્વારા યુવાનોમાં લોકશાહી મૂલ્યો પ્રત્યે સમજ વધે છે અને જવાબદાર નાગરિક બનવાની પ્રેરણા મળે છે, એવું કાર્યક્રમ દરમિયાન જણાવવામાં આવ્યું હતું.

# રાજકોટ વોર્ડ નં. ૭ના માર્ગનું સ્વર્ગીય કોર્પોરેટરની સ્મૃતિમાં "ભગવાનજીભાઈ ચાવડા" નામકરણ

રાજકોટ,

ભારતીય જનતા પાર્ટી રાજકોટએ જનસંઘ સમયના અને ૧૯૮૧માં ભારતીય જનતા પાર્ટીના રાજકોટ મહાનગરપાલિકામાં એક કોર્પોરેટર એક મતની બહુમતવાળા શ્રી અરવિંદભાઈ મણીયારના મેયરપદ હેઠળના વોર્ડ નં. ૧૪ ના કોર્પોરેટર સ્વ. શ્રી ભગવાનજીભાઈ ચાવડાની યાદગીરી કાયમી રહે તે હેતુથી તા.૨૬ ના રોજ રોડનું નામ "ભગવાનજીભાઈ ચાવડા માર્ગ" નામકરણનું ઉદઘાટન શ્રીમતિ અંજલીબેન વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવેલ.

આ તકે રાજકોટ શહેર પ્રમુખશ્રી માધવભાઈ દવે પ્રદેશ કારોબારી સભ્યશ્રી કશ્યપભાઈ શુકલ,શ્રી રાજુભાઈ ધ્રુવ તથા ભાજપ ઉપપ્રમુખ અને લોહાણાજ્ઞાતિના આગ્રણીશ્રી કાશ્મીરાબેન નથવાણી તથા વોર્ડ નં. ૭ ના ભાજપ,ના કોર્પોરેટરશ્રીઓ તથા સંગઠનના હોદેદારો તથા દલીત સમાજના આગેવાનો રતાભાઈ પરમાર તથા શામજીભાઈ ચાવડા અને વોર્ડના કાર્યક્ર ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેલા હતાં સ્વ. ભગવાનજીભાઈ ચાવડા માર્ગ નામકરણ પ્રસંગે ઉપસ્થિત રહેલ તમામનો આ તકે ચાવડા પરિવારે હાર્દિક આભાર માન્યાનું વોર્ડ નં. ૭ ના કોર્પોરેટર જયશ્રીબેન પી. ચાવડાએ જણાવ્યું છે.



# સળગતા ભાવ : સિંગતેલનો ડબ્બો ૨૯૦૦ને વટાવી ગયો!

રાજકોટ,

ખાદ્ય તેલો પણ સોના-ચાંદીની જેમ ઐતિહાસિક તેજીના માર્ગે દોડવા લાગ્યા હોય તેમ આજે વધુ ઉછાળો નોંધાયો હતો. સિંગતેલનો ડબ્બો ૨૯૦૦ રૂપિયાની સપાટીને વટાવી ગયો હતો. અન્ય તેલોમાં પણ સતત તેજી હતી. રાજકોટ તેલ બજારમાં આજે સિંગતેલ નવા ડબ્બાનો ભાવ ૨૦ રૂપિયાના ઉછાળાથી ૨૯૦૦ની સપાટી વટાવી ગયો હતો અને ૨૮૯૫થી ૨૯૧૫ થયો હતો. કપાસીયા તેલમાં ૧૫ રૂપિયાનો ભાવ વધારો હતો. નવા ડબ્બાનો ભાવ ૨૩૩૦થી ૨૩૬૦ થયો હતો.



પામોલીન ૧૦ રૂપિયાના ઉછાળાથી ડબ્બાનો ભાવ ૨૦૯૫થી ૨૧૦૦ થયો હતો. સનફ્લાવર, મકાઈ અને રાયડા તેલમાં પણ તેજી હતી.

વેપારીઓના કહેવા પ્રમાણે સિંગતેલમાં માલની અછતના કારણે તેજી થઈ છે. ખરીફ ઉત્પાદનનો અડધો અડધ માલ રાજ્ય સરકારે ટેકાના ભાવે ખરીદી લીધો છે. કમૌસમી વરસાદ વખતે ઘણુ ખરૂ નુકસાન થયું હતું અને હવે પીલાણ માટે સારી કવોલીટીનો માલ મળતો નથી.

મગફળીના ભાવમાં પણ તેજી થઈ છે. હવે રાજ્ય સરકાર ટેકાના ભાવે ખરીદેલી મગફળી વેચવા ન મુકે અને પીલાણ માટે માલ ઉપલબ્ધ ન થાય તો આવતા દિવસોમાં વધુ ભાવ વધારો શકય છે. સિંગતેલમાં તેજી થવાના કારણે સસ્તા સાઈડ તેલોમાં ભાવ વધારાનો દૌર શરૂ થયો છે અને તેના કારણે જ કપાસીયા તેલ, રાયડા તેલ, સોયાબીન વધવા લાગ્યા છે.